## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



સાહેબ, લાંબા વાળને કારણે દેખાયુ નહી... છોકરાનો બીલકુલ વાંક નથી એણે બાળ કપાવવાના પૈસા મારી પાસે માંગ્યા હતા પણ તમને તો ખબર છે મારે બેંકને કેટલા બધા ચૂકવવાના છે...!!

# કલોલની તિરૂપતિ ટયુબસ કંપનીમાં ભીષણ આગ

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગરના કલોલ જીઆઈડીસીમાં આવેલી તિરૂપતિ ટયુબસ પ્રા.લિ.કંપનીના સ્ટોર રૂમ તેમજ ઓફિસમાં મોડીરાત્રે અચાનક આગ લાગતા દોડધામ મચી જવા પામી હતી.

બનાવની જાણ ગાંધીનગર ફાયર બ્રિગ્રેડની ટીમને થતા તાત્કાલીક પહોંચી જઈ હજ્જારો લીટર પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લીધો હતો. પરંતુ સ્ટોર રૂમ અને ઓફિસમાં રહેલો સામાન આગની જવાળાઓમાં સ્વાહા થઈ ગયો હતો.

મળતી વિગત મુજબ કલોલ જીઆઈડીસી સ્થિત તિરૂપતિ ટયુબસ પ્રા.લિ.કંપનીમાં ગતરોજ રાત્રીના સમયે આગ લાગી હતી. જેથી સમગ્ર વિસ્તારમાં વિવિધ કંપનીઓ આવેલી હોવાથી દોડધામ મચી ગઈ હતી.

જો કે આગ લાગી તે સમયે કંપનીમાં માલિક કે સ્ટાફ હાજર ન હતો. બનાવની જાણ થતા કલોલ ફાયર ટીમ ઘટના સ્થળે પહોંચી આગને કાબુમાં કરવા પ્રયાસ કર્યા હતા. પરંતુ આગ કાબુમાં આવવાની જગ્યાએ વધુ વિકરાળ બની રહી હતી. આગના ધુમાડાના



ગોટેગોટા દુર દુર સુધી દેખાતા હતા. ત્યારબાદ ગાંધીનગર ફાયર ટીમને જાણ કરી હતી. જેથી ગાંધીનગર સબ ફાયર ઓફિસર કે.જે.ગઢવી ટીમના જવાનો સાથે કલોલ પહોંચી ગયા હતા. ગાંધીનગર ફાયર ટીમના જવાનોએ પાણીનો છંટકાવ કરી ભારે જહેમત બાદ આગ પર સંપૂર્ણ કાબુ મેળવી લીધો હતો. જો કે આગમાં સ્ટોર રૂમ તેમજ ઓફિસનો સામાન બળીને રાખ થઈ ગયો હતો. જો કે આગ શોર્ટ સર્કિટથી લાગી હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ લાગી રહ્યું છે.

## ખૂણેખાંચરેથી

● ગાંધીનગર જિલ્લામાં ૨૬મી જુલાઈ સુધી વરસાદ રહેશે તેવુ પૂર્વાનુમાન હવામાન વિભાગે કરેલી આગાહીમાં કરાયુ છે.

● ગાંધીનગર શહેરમાં શાકભાજીના ભાવ આસમાને પહોંચ્યા છે.

● ગાંધીનગર શહેરમાં ઠેર ઠેર વરસાદી પાણીના ખાબોચિયા ભરાઈ રહેવાથી નગજનોની ચિંતા વાહકજન્ય રોગચાળાને લઈ વધી છે.

● ગાંધીનગર મનપા દ્વારા ૧૫મી ઓગષ્ટ પછી બાકી મિલ્કતવેરાના બાકીદારોને નોટીસો થમાવવા માટે તંત્રએ મન બનાવ્યુ હોવાનું જાણવા મળેલ છે.

● સે. ૭ ના સરકારી ક્વાટર્સ ખાતે રહેતી મહિલાને પાડોશીએ ધમકી આપ્યાની ફરિયાદ નોંધાઈ છે.

● કલોલ પોલીસે બિનવારસી પડેલ એક્ટીવામાંથી વિદેશી દારૂની ૬૦ બોટલ પકડી.

● શેરથા ગામમાંથી ૯૩ હજારનો વિદેશી દારૂ એલસીબી પોલીસે પકડ્યો છે.

● હિંમતનગરથી ચીલોડા જતા રોડ પર ગાડીચાલકની ટક્કરથી બાઈકસવારનું મોત.

● માણસાના રિદ્રોલ રોડ ઉપર આવેલ બોરકુવા પરથી ૧૮ હજારની કિંમતનો કેબલ વાયર ચોરાયો.

● કલોલની ખાનગી કંપનીના સ્ટોરરૂમ અને ઓફિસમાં આગની ઘટના.

● દહેગામની રેવાબા વિદ્યામંદિરમાં વિદ્યાર્થી સંઘની ચૂંટણી યોજાઈ.

● ગાંધીનગર શહેરની જાણીતી હોસ્પિટલ સ્કાય દ્વારા સ્વસ્થ હૃદય અભિયાન અંતર્ગત ૨૧ જુલાઈથી ૨૦ ઓગષ્ટ દરમ્યાન રાહતદરે એંજીઓગ્રાફી કરી આપવાની જાહેરાત કરી છે.

● કલ્યાણજીના પરામાં ધો. ૧ થી ૩ ના બાળકોને દાતાઓ તરફથી સ્કૂલ ડ્રેસનું વિતરણ કરવામાં આવ્યુ છે.

● ગાંધીનગર શહેરમાં આજથી બે દિવસની રજાનો માહોલ હોવાથી લોકોએ ઘરમાં રહેવાનુ વધુ પસંદ કર્યુ.

● ગાંધીનગર જિલ્લામાં તેલના ભાવ વધતાં ગૃહીણીઓનું બજેટ ખોરવાયુ.

● કુડાસણ સ્થિત સમન્વય સોસાયટીમાં આજે સાંજે સામુહિક સત્યાનારાયણ કથાનું આયોજન કરાયુ હતુ.

● ગાંધીનગર શહેરમાં પાણી ડહોળુ આવ્યાની ફરિયાદો ક્યાંક ક્યાંક ઉઠવા પામી છે.

● ચેખલારાણી ગામે ભારે વરસાદથી ભરાયેલુ વરસાદી પાણી પી જતાં એક વાછરડાનું મોત થયાના અહેવાલ છે.

# સેકટર-૧૩ બગીચામાંથી વિવિધ ચીજવસ્તુની ચોરી કરનાર શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૨૨

શહેરના સેકટર-૭ પોલીસ મથક વિસ્તારમાં સેકટર-૧૩ બગીચામાંથી બેટરીઓ, પાણીનો પંપ, તેમજ મોબાઈલ ફોન સહિત કુલ રૂ.૫૨ હજારની ચોરીના ગુનાને અંજામ આપનાર મુખ્ય સુત્રધાર દિલિપજી શકરાજી ઠાકોર (રહે.સે-૧૩ છાપરા મુળ રહે હાલીસા તા દહેગામ)ને ગાંધીનગર એલસીબી-૨ એ પકડી પાડ્યો છે. પોલીસે ચોરીમાં ગયેલ મોબાઈલ ફોન રીકવર કરી ગણતરીના દિવસોમાં ચોરીના ગુનાનો ભેદ ઉકેલી નાંખ્યો છે. જયારે આરોપીએ સિવિલ હોસ્પિટલ નજીક છાપરા વિસ્તારમાંથી ચાર જેટલા મોબાઈલ ચોરી કરી હોવાની કબુલાત કરી છે. ત્યારે પોલીસે રૂ.૮ હજારના મોબાઈલ ફોન કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.




# પેથાપુરમાં સામાન્ય માથાકુટમાં બે શખ્સોએ યુવકોને છરીના ઘા માર્યા

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગરના પેથાપુર ખાતે રાત્રીના સમયે સામાન્ય બાબતે થયેલી માથાકુટમાં બે શખ્સોએ બે યુવકોને છરીના ઘા ઝીંકતા સારવાર માટે ગાંધીનગર સિવિલ ખસેડાયા હતા.જયારે બનાવ અંગે બંને શખ્સો સામે હત્યાના પ્રયાસનો ગુનો નોંધી પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગરના પેથાપુર ઠાકોરવાસમાં રહેતા વિશાલ ભેમાજી ઠાકોર ગઈકાલે રાત્રીના આઠ વાગ્યાના અરસામાં અંબે માતાના મંદિર પાસે ઉભો હતો. તે સમયે તેનો મિત્ર કિશન મહેશજી ઠાકોરે આવીને કહ્યું કે યુવરાજસિંહ કરણસિંહ ડાભીએ મને મસાલો તેમજ પાણીની બોટલ લેવા માટે મોકલ્યો હતો. જેથી વાસુ ઠાકોરના દ્વારકાધીશ પાર્લર પર મસાલો તેમજ પાણીની બોટલ લેવા માટે ગયો હતો. તે સમયે ગલ્લા ઉપર ઉભેલા અજય ચાવડાને જોઈને મે કેમ છો એવું પુછયું હતું. આ સાંભળીને અજય ગાળો બોલતો હતો.જેથી તેને ગાળો બોલવાની ના પાડતા લાફા મારી દીધા હતા. બંને મિત્રો આ ઝગડાના સમાધાન માટે પેથાપુર રામજી મંદિર ખાતે ગયા હતા. જયાં યુવરાજસિંહ ડાભી પણ હાજર હતો. બાદમાં પાનના ગલ્લાએ જઈ અજય ચાવડા સાથે ઝગડાના સમાધાનની વાત કરી હતી. ત્યારે અજય ચાવડા ગાળો બોલવા લાગ્યો હતો. તે સમયે યુવરાજસિંહે પણ અજયને સમજાવ્યો હતો. પરંતુ અજય ઉશ્કેરાઈને બધાને ગાળો બોલતો હતો. તે સમયે પેથાપુરનો રવિ વાઘેલાએ આવીને છરી અજયને આપી હતી. અનો અજયે છરી યુવરાજસિંહના પેટમાં મારી દીધી હતી. જેથી વિશાલ વચ્ચે પડ્યો હતો. તેને પણ અજયે છરીના ઘા આડેધડ મારી બંન્ને ત્યાંથી ફરાર થઈ ગયા હતા. ત્યારબાદ વિશાલના મહોલ્લાના જયેશ કાળુજી ઠાકોર, ઉત્સવ ઠાકોર, બાઈક પર યુવરાજસિંહને લાલસિંહ ડાભીની ગાડીમાં બેસાડી ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર માટે લઈને આવ્યા હતા. જયારે પેથાપુર પોલીસે બે શખ્સો સામે હત્યાના પ્રયાસનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



ગુજરાત રાજ્ય એસ.ટી. નિગમ કર્મચારી યુનિયન દ્વારા યોજાયેલા કાર્યક્રમમાં સાંસદ કિરીટ સોલંકી ઉપસ્થિત રહ્યા હતા. તેમની રજતતુલા યોજવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# શેરથા ગામે બુટલેગર ગાડીમાંથી રૂ.૮.૨૧ લાખના દારૂ સાથે ઝડપાયો

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગરના શેરથા ગામે રામાપીરના મંદિર પાછળ ઠાકોરવાસ ખાતે રહેતો બુટલેગર રાત્રીના સમયે ગાડીમાંથી દારૂની પેટીઓ ઉતારી રહ્યા હતા. તે સમયે પોલીસ ત્રાટકતા બુટલેગરોએ દોટ લગાવી હતી. ત્યારે પોલીસે પીછો કરી એક બુટલેગરને પકડી પાડી ક્રેટા ગાડીમાંથી વિદેશી દારૂ-બિયરની કુલ-૪૯૨ બોટલ કિં.૯૩,૫૧૬, બે મોબાઈલ કિં.૨૫ હજાર, ક્રેટા ગાડી કિં.૭ લાખ મળી કુલ રૂ.૮.૨૧લાખનો મુદ્દામાલ કબ્જે કરી બુટલેગરને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર એલસીબી-૨ ટીમ અડાલજ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે સમયે બાતમી મળી હતી કે શેરથા ગામે રામાપીર મંદિરની પાછળ આવેલા ઠાકોર વાસમાં રહેતો દર્શન રમેશજી ઠાકોર વિદેશી દારૂનો વેપલો કરી રહ્યો છે. જેને પગલે પોલીસે દરોડો પાડી એક નંબર વિનાની ક્રેટા ગાડીમાંથી બે શખ્સો દારૂની બોકસ ઉતારી રહ્યા હતા. જો કે પોલીસને જોઈ જતા બે શખ્સો નાસી ગયા હતા. જે પૈકી દર્શન ઠાકોરને પોલીસે દબોચી લીધો હતો.જયારે અંધારાનો લાભ લઈ ખોરજાપરાનો અરવિંદ ઉર્ફે કબીરસિંગ બકાજી ઠાકોર નાસી ગયો હતો. ત્યારબાદ પોલીસે ક્રેટા ગાડીમાં તપાસ કરતા વિદેશી દારૂ બિયરની ૪૯૨ નંગ બોટલ મળી આવી હતી. જયારે નંબર વિનાની ગાડી પર સરપંચ લખેલુ હતું. અને ગાડીમાંથી એક આઈફોન પણ મળી આવ્યો હતો. પોલીસની પુછપરછમાં દર્શને કહ્યું હતુ કે તે છેલ્લા બે એક મહિનાથી વિદેશી દારૂનો ધંધો કરતો હતો. દારૂનો જથ્થો તેને અરવિંદ ઠાકોર (ખોરજાપરા કલોલ) આપી જતો હતો. ત્યારે ગાડીમાં દારૂ બિયરનો જથ્થો આપવા આવ્યો હતો અને તેઓ ઉતારી રહ્યા હતા. પોલીસે દારૂ,ગાડી, અને મોબાઈલ મળી કુલ રૂ.૮.૨૧ લાખનો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.




# બે વર્ષથી નાસતો ફરતો ચેઈન સ્નેચીંગના આરોપીને એલસીબીએ ઝડપી પાડ્યો




ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગરના ડભોડા પોલીસ મથક વિસ્તારમાં રણાસણ રોડ પર આવેલા ઢાબાની હોટલથી આરોપીઓ વિક્રમ ગોવિંદભાઈ ડાભી (દેવીપુજક) અને તેના સાગરીતો ગડ્ડી, અજય ઉર્ફે અચ્યુ, અને મુકેશ એકઠા થઈ ટ્રકનો પીછો કરતા રણાસણ રેલ્વે ક્રોસીંગ પાસે ધીમી પડતા રીક્ષાથી ટ્રકને રીક્ષાની આડશ કરી ટ્રક ચાલકે પહેરેલ સોનાનો બે તોલાનો દોરો તોડી નાસી ગયા હતા.

આ ગુનામાં છેલ્લા બે વર્ષથી આરોપી નાસતો ફરતો હતો. ત્યારે ગુનાનો આરોપી વિક્રમ ગોવિંદભાઈ ડાભી (દેવીપુજક, રહે ચંદ્રલોક લાલીતળાવના ખાંચા સામે નવરેજીહોલ પાસે શાહીબાગ)ને રણાસણ ગામના પાટીયા પાસેથી બાતમીને પગલે એલસીબી-૧ પોલીસે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.




શહેરના માર્ગોને સુંદર અને સુવિધાયુક્ત બનાવવા કરોડોનો ખર્ચ કરવામાં આવે છે પરંતુ પ્રજાજનોને તેનો લાભ મળતો હોય તેવુ લાગતુ નથી. દર વર્ષે માર્ગો પર ડામર પાથરીને તેનુ રીસરફેસીંગ કરવામાં આવે છે, પરંતુ વરસાદ પડતા જ ડામર અને કપચી ઉખડી જાય છે અને તેના પર મસમોટા ખાડા પડી જાય છે. ખ-૫ સર્કલની નજીક રોડ પર મોટો ખાડો પડતા વાહનચાલકો પરેશાની ભોગવી રહ્યા છે.

# રેવાબા વિદ્યામંદિર દહેગામ ખાતે વિદ્યાર્થીસંઘની ચૂંટણી યોજાઈ



ગાંધીનગર, તા. ૨૨

રેવાબા વિદ્યામંદિર, દહેગામ શાળામાં વિદ્યાર્થીસંઘની ચૂંટણી યોજવામાં આવી. લોકશાહી પ્રક્રિયાના ભાગરૂપે થતી ચૂંટણી પ્રક્રિયામાં ઉમેદવારી ફોર્મ ભરવા, ફોર્મની ચકાસણી, ફોર્મ પરત ખેંચવા અને છેલ્લે ચૂંટણી યોજવામાં આવી. મત આપવા માટે વર્ગના દરેક વિદ્યાર્થી પોતાની ઓળખ માટે આધારકાર્ડની નકલ લઈને આવ્યા. દરેક વિદ્યાર્થીની આંગણી પર નિશાન કરી મત આપવા માટે મોકલવામાં આવ્યા. પોતાનો મત મતપેટીમાં નાંખી મતદાન કર્યુ. સમગ્ર પ્રક્રિયા ગુપ્ત મતદાનથી કરવામાં આવી. દરેક વર્ગમાં વિદ્યાર્થીઓએ પોતાના વર્ગમાં એક વિદ્યાર્થી અને એક વિદ્યાર્થિનિની વર્ગ પ્રત્નિધિ તરીકે ચૂંટવામાં આવ્યા. ચૂંટાયેલા પ્રતિનિધિઓને કરવાના કામો, તેમની ફરજો અને જવાબદારીઓથી સમજ આપી શાળાનું કાર્ય સરળતાથી ચાલે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.

# પ્રાંતિયામાં ચાર વર્ષ અગાઉ હત્યાના ગુનામાં નાસતા ફરતા આરોપીને એસઓજીએ ઝડપી પાડ્યો

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર જિલ્લાના પ્રાંતિયા ગામની સીમમાં આજથી ચાર વર્ષ અગાઉ હત્યાના ગુનાને અંજામ આપનાર પરપ્રાંતિય રીઢા આરોપીને સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપની ટીમે પકડી પાડ્યો છે. આરોપીએ વતન ખાતે પણ સગીર બાળકી પર બળાત્કાર ગુજારી હત્યા કરી હતી. જયારે આરોપી સામે આર્મસ એકટનો પણ ગુનો નોંધાયો હોવાનું ધ્યાને આવ્યું છે.

ગાંધીનગર જિલ્લામાં ગંભીર ગુનાઓ આચરી નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા માટે એસઓજી પીઆઈ વી.ડી.વાળાના માર્ગદર્શન હેઠળ વિવિધ ટીમો બનાવી કાર્યરત કરવામાં આવી હતી. ગંભીર પ્રકારના ગુનામાં નાસતા ફરતા આરોપીઓનું લીસ્ટ તૈયાર કરવામાં આવ્યું હતું. ત્યારે ડભોડા પોલીસ મથકની હદમાં પ્રાંતિયા ગામની સીમમાં ચાર વર્ષ અગાઉ હત્યાના ગુનાને અંજામ આપનાર વોન્ટેડ આરોપી પ્રમોદકુમાર કામેશ્વર યાદવ ઉર્ફે સંજય પંડિત યાદવ (રહે દહેગામ ગોકુલ ડેરી મુળ રહે




બિહાર) પંજાબના લુધીયાણામાં હોવાનું ટ્રેસ થયુ હતું. ગુનાહીત ઈતિહાસ ચાકસવામાં આવતા પ્રમોદ કામેશ્વર યાદવ ઉર્પે સંજય પંડિત યાદવ (રહે ગામ.કુશરે પોટ પંડુરા-રામપુરા જી ભોજપુર (આરા) થાણા સંદેશ બિહાર) વિરૂધ્ધ વર્ષ ૨૦૧૪ માં એક નાની સગીર વયની બાળકી પર રેપ કરી તેની હત્યા નો ગુનો તેમજ ગેરકાયદેસર હથીયાર રાખવા અંગેનો ગુનો નોંધાયો હોવાની હકીકત પ્રકાશમાં આવી હતી.જેથી એસઓજી પોલીસે બિહારના સ્થાનિક પોલીસ મથકમાં તપાસ કરતા પ્રમોદ ઉકત ગુનામાં જામીન મેળવ્યા બાદ વોન્ટેડ હોવાનું જાણવા મળ્યું હતું. જેથી એસઓજી પોલીસે આરોપીની ગતિવિધીઓ પર ટેકનીકલ સર્વેલન્સ રાખી રીઢા ગુનેગારને અમદાવાદ કાલુપુર રેલ્વે સ્ટેશન ખાતેથી દબોચી લઈ ઘટતી કાર્યવાહી માટે ડભોડા પોલીસને સોંપવામાં આવ્યો છે.